ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





મહાશિવરાત્રીનો મેળો - મહાશિવરાત્રિ હોય એટલે શિવાલયોમાં તો ભાવિકોનું ઘોડાપૂર ઉમટે જ સાથોસાથ ઠેર ઠેર યોજાતા મેળાઓમાં ભીડ જામે. ગાંધીનગર શહેરના પંચદેવ મંદિરની પાસે દર વર્ષે મહાશિવરાત્રિનો મેળો યોજાય છે. અવનવા રમકડાં, ફુગ્ગા, ઘરવખરીનો સામાન, તૈયાર કપડાં, ચપ્પલ, કટલરીની આઈટમો અને ખાણી-પીણીની અઢળક ચીજો આ મેળાનું આકર્ષણ છે. મહાદેવના દર્શન સાથે મેળામાં મ્હાલવાની મોજ અબાલ-વૃદ્ધો સૌ કોઈ લે છે. નાના બાળકો માટે તો અવનવી ચીજવસ્તુઓનું જાણે આખેઆખુ વિશ્વ ભારે અચંબો જગાડે છે. સાંજ ઢળતા જ મેળામાં ચાલવાની પણ જગ્યા ન રહે તેટલા લોકો ઉમટી પડે છે. ખાસ કરીને ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં બાળકો અને મહિલાઓ મેળાની મોજ માણવા આવે છે.

# સે-૧૦ અને ૧૧માં ૧૧ કિમીના માર્ગોનુ રીસરફેસીંગ કરાશે

## સેકટરોમાં માર્ગોના રીસરફેસીંગની સાથે દબાણ અને પાર્કીંગની સમસ્યા પણ ઉકેલાય તેવી માંગણી

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ અટવાયુ છે. નવા સેકટરોમાં પણ આંતરિક માર્ગોનુ કામ છેલ્લા પાંચ વર્ષથી થયુ નથી જયારે સે- ૧૦ અને સે-૧૧ માં પણ અંદાજિત ૧૧ કી મી ના માર્ગોના રીસરફેસીંગ માટે વિભાગ દ્વારા કામને મંજુરી પણ આપી દેવામાં આવી છે. જેને અનુલક્ષીને ટુંકમાં જ આ કામ શરૂ કરવામાં આવશે જો કે આ વિસ્તારમા માર્ગ સુધારણાની સાથે દબાણ અને પાર્કીંગની જટીલ સમસ્યા પણ ઉકેલાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ હવે એક દાયકાથી વધુ સમયના અંતે તબક્કાવાર સઘળી કામગીરી કોર્પોરેશનને સોંપવામાં આવી રહી છે. અત્યાર સુધી શહેરમાં માળખાગત સુવિધાને અનુલક્ષી મોટાભાગની જવાબદારી પાટનગર યોજના ભવન હસ્તક હતી જયારે હવે નગરના રંગમંચ , લગ્નવાડી, સેકટરોના આંતરિક માર્ગો બગીચાઓ પણ કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યા છે. જો કે હજુ પાણી ગટરની જવાબદારી પાટનગર યોજના વિભાગ પાસે છે. અલબત્ત હાલ સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં દાયકાઓ જુની લાઈન બદલવાની કામગીરી ચાલી રહી છે. જયારે લાઈન નવી નાંખવાનુ કામ પુર્ણ થયા બાદ ૨૪ કલાક પાણીનો પ્રોજેકટ શરૂ કરવામાં આવશે અલબત્ત આગામી દિવસોમાં પાણી ગટરની નિભાવણી પણ મહાનગરપાલિકને સોંપી દેવામાં આવશે જયારે થોડા સમય અગાઉ સેકટરોના આંતરિક માર્ગો પણ કોર્પોરેશનને સોંપી દેવાતા હવે આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ કોર્પોરેશન કરશે શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ છે. ત્યારે સેકટરોમાં એકબાજુ પાણી ગટરની લાઈન ઉપરાંત વરસાદી પાણીના નિકાલની બાકી લાઈનનુ પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે ત્યારે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ હજુ થોડા સમય બાદ હાથ ધરવામાં આવશે તેમ પણ જણાવામાં આવી રહ્યુ છે. શહેરના નવા સેકટરો ઉપરાંત જુના સેકટરોમાં પણ માર્ગોની હાલત અત્યંત ખરાબ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાંત કચેરી, મામલતદાર અને સબ રજીસ્ટ્રારની કચેરીમાં અલાયદુ ભવન નિર્માણાધીન

## જૂનમાં આ નવી કચેરીમાં કામકાજ શરૂ થઈ જાય તે રીતે રોડમેપ પણ તૈયાર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર પ્રાંત, ગાંધીનગર મામલતદાર તેમજ સબ રજીસ્ટ્રાર માટે અલાયદી કચેરીના નવા મકાનના નિર્માણની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે અને આગામી જૂન માસમાં તે કચેરીઓ નવા બિલ્ડીંગમાં કાર્યરત થઈ જશે.

રૂ. ૩૫ કરોડથી વધુના ખર્ચે આ બિલ્ડીંગ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. કલેક્ટર કચેરીની પાછળના ભાગે ૧૦ હજાર ચો.મી. કરતાં વધુ વિસ્તાર આ કચેરીઓ માટે ફાળવવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ત્રણ મજલાનું ભોંયરાની સુવિધા સાથે આ કચેરીનું નિર્માણકાર્ય ચાલી રહ્યુ છે. આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર પર આ નવીન કચેરીનું નિર્માણકાર્ય ચાલી રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રાઉન્ડફ્લોર પર સબ રજીસ્ટ્રારની કચેરી, જનસેવા કેન્દ્ર તેમજ ઈ.ધરા કચેરીઓ કાર્યરત કરવાનું આયોજન છે તો પ્રથમ મજલે મામલતદાર કચેરી અને દ્વિતીય મજલે પ્રાંત અધિકારીની કચેરી કાર્યરત કરવામાં આવશે.

આ નવીન નિર્માણ પામી રહેલ કચેરીમાં બે લિફ્ટ સહિત આધુનિક સુવિધાઓ કચેરીપયોગી હશે. બેઝમેન્ટ અને ત્રીજા માળનો ઉપયોગ કચેરીના રેકર્ડ રૂમ માટે કરવામાં આવી શકે છે તેવા પણ સંકેતો મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવા ગાંધીનગરમાં પાણી-ગટરની જાળવણીનો ખર્ચ ચૂકવવામાં નિરસતા

## મેન્ટેનન્સ ચાર્જની રકમ પેટે અત્યાર સુધી ૫૦ લાખ બાકી : ગુડાની નોટિસના અંતે પણ વસુલાત સંદર્ભે સ્થાનિકોમાં નીરસતા

ગાંધીનગર તા ૧૮

નવા ગાંધીનગરમાં પાણી અને ગટરના જોડાણ મેળવી લીધા બાદ સેંકડો સ્થાનિકો અને સોસાયટીઓ દ્વારા પાણી અને ગટરના જોડાણ સંદર્ભે જાળવણીની વાર્ષિક રકમ ચૂકવવામાં આવતી નથી આ મામલે અગાઉ ગુડાના તંત્ર દ્વારા નોટિસો પણ આપવામાં આવી છે જોકે નોટિસ ની અવગણના બદલ ગુડા કક્ષાએથી કોઈ પગલાં લેવાયા નથી. માળખાગત સુવિધા અને વિકાસના કામોને વેગ આપવાનું અનિવાર્ય છે ત્યારે ગુડા માટે નાણાકીય જરૂરિયાત મુખ્ય છે આવા સંજોગોમાં હવે બાકીદારો પાસેથી પણ વસુલાત મામલે કડક પગલા હાથ ધરાશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળનો મોટાભાગનો વિસ્તાર કોર્પોરેશનમાં સમાવિષ્ટ થઈ ગયો છે. આવા સંજોગોમાં ગુડાયે વિકાસ કામોને વેગ આપવાનું મુશ્કેલ બન્યું છે. અલબત્ત આવકના નવા સ્રોત ઉભા કરવાની ફરજ ઊભી થઈ છે.

આ સ્થિતિ વચ્ચે ગુડા એ વિવિધ પ્લોટની હરાજી ઉપરાંત બાકીદારો પાસેથી વસુલાત કરવા ગતિવિધિ હાથ ધરી છે. તેના અંતર્ગત પાણી અને ગટર જોડાણના કિસ્સામાં ૧૦ હજાર અને વધુ રકમના બાકિદારો પાસે કડક ઉઘરાણી શરૂ કરવા કહેવાયું છે. મેન્ટેનન્સના બિલની રકમ ભરપાઈ કરવામાં વ્યાપક ઉદાસિનતા દાખવતા બાકિદારો ટપાલથી મોકલવામાં આવતી નોટિસને ગણકારતા નહીં હોવાનું સામે આવતાં ગુડાના માણસોને જ મોકલીને જે તે જવાબદાર વ્યક્તિઓને નોટિસની બજવણી હાથો હાથ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા ગાંધીનગર વિસ્તારમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે આમ છતાં ૨૫૦ જેટલા વાણિજય હેતુના સહિત ૭૦૦ ઉપરાંત જોડાણના કિસ્સામાં પાણી અને ગટરના જોડાણના જાળવણી ખર્ચની વસુલાતના નામે મીંડું છે જોડાણ કરતા હો વસૂલાત ચુકવતા નથી જેમાં વ્યક્તિગત જોડાણ અને સોસાયટીના નામના જોડાણનો સમાવેશ થાય છે.

મેન્ટેનન્સ ચાર્જની અત્યાર સુધીની બાકી રકમ અંદાજિત ૫૦ લાખ સુધી પહોંચી છે. આ વસૂલાત મામલે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા અગાઉ બાકિદારોને નોટિસો આપવામાં આવી હતી. જેના અંતે પણ વસૂલાતના મામલે કોઈ પરિણામ મળ્યું નથી. બીજી તરફ નીરસ્તા સેવતા બાકિદારોના પાણી અને ગટરના જોડાણ કાપવા જેવા કડક પગલાં પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યા નથી.

# લિમ્બોદ્રાનો યુવાન વર્લ્ડબુક ઓફ રેકોર્ડઝમાં ઝળક્યો



## લિમ્બોદ્રાના યુવાને તબલાવાદનમાં વર્લ્ડબુક ઓફ રેકોર્ડઝમાં સ્થાન મેળવ્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના લિમ્બોદ્રા ગામનો યુવક તબલાવાદનમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડઝમાં સ્થાન પામી ગામ અને જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

લિમ્બોદ્રા ગામનો વતની પ્રતીક એન. સાધુએ આ મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. પ્રા. શાળાના અભ્યાસ દરમ્યાન પ્રાર્થના સમયે તબલા વગાડતો આ યુવાને તેની કલા તો કોલેજકાળ દરમ્યાન જ હસ્તગત કરી લીધી હતી.

હાલ આ યુવાન અમદાવાદ ખાતે મુંજાલ મહેતા સર અને ભાવિકભાઈ ગોહિલ પાસે વધુ તાલિમ મેળવી અને આગળ વધવા માંગે છે.

પ્રતીકે રાજ્યકક્ષાના કલા મહાકુંભમાં પણ તબલાવાદનમાં પ્રથમ સ્થાન શાળાકીય શિક્ષણ દરમ્યાન મેળવ્યુ હતુ.

પ્રતિકે કહ્યુ કે હું સમર્પણ કોલેજમાં સ્નાતક થયો. સમર્પણ કોલેજમાં જયારે હું પહેલા સેમેસ્ટરમાં હતો ત્યારે યુનિવર્સિટીનો યુથફેસ્ટિવલ હતો એમાં મેં તબલાવાદનમાં પ્રથમ સ્થાન મેળવ્યું. મારા મામા ભરતભાઈ સાધુ એક સારા ગાયક કલાકાર છે એમને મને અને મારા પપ્પાને ભજનમાં બોલાવેલા ત્યાં મારા મામા સાથે એક તબલાવાદક આવેલા એમનું નામ ભાવિકભાઈ ગોહિલ મારી મુલાકાત એમની જોડે ૨૦૧૬માં થઈ હતી એમને અને મારા મામાએ મને તબલા વગાડતો જોયો અને એમને ખૂબ જ સારૂ લાગ્યું અને પપ્પાને કહ્યું કે પ્રતિકને ભાવિકભાઈ જોડે તબલાની તાલીમ લેવા મોકલો. તબલા શીખવા માટે હું ભાવિકભાઈ પાસે હુ લીમ્બોદ્રાથી અમદાવાદ જતો હતો ત્યાં એમને મને કલાગરૂ મુંજાલ મહેતાના સહ શિષ્ય બનાવ્યો અને એક અદભુત સંગીત જીવનની શરૂઆત કરાવી. અમારી તબલા તાલીમ સંસ્થાએ ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કર્યો. વડનગરમાં તાનારીરી ફેસ્ટિવલમાં ૨૦૧૯માં અને ત્યાર પછી ૧૫ ઓક્ટોબર - ૨૦૨૨ના રોજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કર્યો. ૩૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓ સાથે શ્રેયસ ફાઉન્ડએશન અમદાવાદ ખાતે અને ૧૬ થી ૧૮ ઓક્ટોબર ૭૫ કલાકનો ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કર્યો.

# સોમવારે "મળી માતૃભાષા મને ગુજરાતી" કાર્યક્રમનું આયોજન

## ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના સંયુક્ત ઉપક્રમે આયોજિત માતૃભાષા મહોત્સવ અંતર્ગત વિવિધ ૭૫ કાર્યક્રમોનું ઉદઘાટન અને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક વિતરણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

વિશ્વ માતૃભાષા દિનની પૂર્વ સંધ્યાએ ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના સંયુક્ત ઉપક્રમે "મળી માતૃભાષા મને ગુજરાતી" માતૃભાષા મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કાર્યક્રમના અધ્યક્ષ પદે ગુજરાત સરકારના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તેમજ મુખ્ય અતિથિપદે પદ્મશ્રી સાહિત્યકાર, લેખક અને ચિંતક પ્રવીણ દરજી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ તા. ૨૧મી ફેબ્રુઆરી સોમવારના રોજ સાંજે ૬ કલાકે ગાંધીનગરના સેકટર-૯ ખાતે પોલીસભવન પાસે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં યોજાશે.

માતૃભાષા મહોત્સવ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમારની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતના ૩૩ જિલ્લામાં યોજાનાર ૭૫ કાર્યક્રમોનું ઉદઘાટન કરાશે, શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક વિતરણ સમારોહ યોજાશે અને તે સાથે "મારા હસતાક્ષર મારી માતૃભાષામાં" અભિયાન હાથ ધરવામાં આવશે. આ સાથે કાર્યક્રમમાં કાવ્ય સંગીત સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેના કલાકારો પ્રહર વોરા, જાહ્નવી શ્રીમાંકર અને કલ્યાણી કોઠાળકર રહેશે અને કાર્યક્રમનું સંચાલન તુષાર જોશી દ્વારા કરવામાં આવશે જે માતૃભાષાનું મહિમાગાન કરશે.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com